જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૨/૨૦૧૯ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૭૪/૧૯**

# પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૦૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “આઇ” ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા દાખલ થયેલ મિલ્કત સંબંધી ગુનામા પકડાયેલ આરોપી વિરૂધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા પીસીબી/ડીટીએન/પાસા/૧૩૬૬/૨૦૧૯ તા.૦૬/૧૨/૨૦૧૯ થી પાસા અટકાયતી શ્રી ફીરોજખાન ઉસ્માનખાન પઠાણ ઉ.વ.૩૪ ધંધો.રીક્ષા ડ્રાઇવિંગ રહે.બી/૧ આર.એસ ડુપ્લેક્ષ કેનાલની પાસે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર નાઓને પાસા અટકાયતી તરીકે મધ્યસ્થ જેલ ભુજ ખાતે રહેવા હુકમ થતા હુકમની બજવણી તા.૦૬/૧૨/૨૦૧૯ ના ક.૨૧/૦૦ વાગે કરેલ છે ઉપરોક્ત આરોપીને યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાસા અટકાયતી તરીકે રહેવા મોકલી આપેલ છે.



## પાલડી પોલીસ સ્ટેશન :

ગાયકવાડ હવેલી પો.સ્ટે ફસ્ટ ૧૧૩/૨૦૧૮ ઈ.પી.કો કલમ- ૩૯૨ મુજબ તથા પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૬૭/૨૦૧૯ ઈ.પી.કો કલમ-૩૭૯(એ)(૩) તથા ઈસનપુર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૧૬૧/૨૦૧૯ ઈ.પી.કો કલમ- ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના કામે આરોપી મોહંમદ ઈલીયાસ ઉર્ફે ગાંધી અબ્દુલસતાર શેખ ઉ.વ. ૩૪ રહે, મકાન નં-૩૩૪૯ નગીનાપોળ તંબુ ચોકીની સામે દરીયાપુર અમદાવાદ શહેર નાઓને પોલીસ કમીશ્નરની કચેરીના પાસા હુકમ નં ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૬૭/ ૨૦૧૯ તા.૦૬/૧૨/૨૦૧૯ ના કલાક ૨૧/૪૫ વાગે હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે અટકાયતમાં રહેવા માટે જરૂરી પોલીસ જાપ્તા સાથે મોકલી આપવાની તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૬.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી- ૨ ,મિલ્કત સંબધી-૩ , પ્રોહીબીશન- ૭ મળી કુલ્લે ૧૨ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી આ ઇસમોને રાજયની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

# તડીપાર ઇસમની કરેલ અટકાયતની વિગત

## પેટ્રોલીંગ દરમ્યાન અમદાવાદ શહેરમાંથી તડીયાર કરેલ ઈસમને ઝડપી પાડતી દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨, તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪, તથા મદદાનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડિવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે તા-૭/૧૦/૨૦૧૯ ના રોજ પોલીસ ઈન્સપેકટરશ્રી જે.બી. ચાવડા દરીયાપુર પોલીસ સ્ટેશન નાઓના સીધા માર્ગદર્શન આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરીયાપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ દ્વારા દરીયાપુર દરવાજા રૂપાપરીનીપોળમાં રહેતો રોનક@રોની રાજુભાઇ રાજપુત ઉ.વ-૧૯ રહે- મ.ન.૯/૧ રુપાપરી પોળ લાલ બંગલા સામે દરિયાપુર અમદાવાદ શહેર નાને અમદાવાદ શહેર તથા આજુબાજુના જીલ્લામાંથી તડીપાર કેર્લ હોવા છતા જે અમદાવાદ શહેરની હદમાં પ્રવેશી તેના રહેઠાણ મકાન નજીકમાં આવેલ હોવાની બાતમી હકીકત આધારે ઝડપી પાડી દરીયાપુર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.ન-૩૩૯૭/૨૦૧૯ ધી જી.પી એકટ કલમ ૧૪૨ મુજબ શોધી સારી કામગીરી કરેલ છે.

**આરોપી** : રોનક@રોની રાજુભાઇ રાજપુત ઉ.વ-૧૯ રહે- મ.ન.૯/૧ રુપાપરી પોળ લાલ બંગલા સામે દરિયાપુર અમદાવાદ શહેર.

**કાર્યવાહી કરનાર અધિકારી/કર્મચારીઓ:-**

(૧) હેકો ચંદ્રસીહ અજુભાઈ બનં-૪૧૯૦

(૨)અ.પો.કો.જીવણભાઇ રૂખડભાઇ બનં-૫૪૪૪

(૩) અ.લો.ર.મેરામણભાઇ કીશાભાઇ બ.ન.૧૨૧૮૬

**આરોપી રોનકનો પુર્વ ઈતિહાસ :-**

(૧) પાલડી પો.સ્ટે સે.ગુરન-૩૦૦૬/૧૮ ઈપીકો કલમ ૩૨૩, ૨૯૪(ખ)

(૨) દરીયાપુર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુરન-૩૧૦૧/૨૦૧૯ જીપી એકટ કલમ ૧૩૫(૧) મુજબ

(૩) દરીયાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન-૨૧/૨૦૧૯ ઈપીકો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ જી.પી એકટ કલમ ૧૩૫(૧) મુજબ.



# ચોરીના ગુનાના આરોપીની કરેલ અટકાયતની વિગત

**કારંજ પોલીસ સ્ટેશન :**

ગાયકવાડ હવેલી પો.સ્ટે. ના વ્હિકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી કારંજ પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબ તથા મે.એ.સી.પી.શ્રી "સી" ડિવીઝન નાઓએ મિલ્કત સબંધી/વાહન ચોરી ગુના શોધી કાઢવા કરેલ સુચના આધારે કારંજ સિનીયર પો.ઇન્સ.શ્રી એફ.એમ.નાયબ સાહેબ તથા પો.ઇન્સ. શ્રી એમ.એ.તળપદા સા.ના માર્ગદર્શન હેઠળ કારંજ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઈન્સ આર.આર.ગરચર તથા પો.સ.ઇ. એસ.આઇ.મકરાણી તથા પો.કો. સુરેન્દ્રસિંહ રામસિંહ તથા પો.કો ગોપાલભાઇ રમેશભાઇ બ.નં.૯૫૦૨ તથા પો.કો પ્રધ્યુમનસિંહ ઘનશ્યામસિંહ બ.નં.૪૭૭૬ તથા પો.કો પંકજભાઇ ચેલાભાઇ બ.નં ૪૬૭૭ તથા પો.કો દિનેશભાઇ ગલબાભાઇ બ.નં.૫૭૨૦ તથા અ.લો.ર દિનેશભાઇ હેમાજી બ.નં.૧૨૫૫૭ નાઓ સાથે પેટ્રોલીંગ દરમ્યાન આરોપી સમદખાન ઉર્ફે લાલાખાન સ/ઓ અબ્દુલગનીપઠાણ ઉવ ૨૭ રહે ગલી નં-૩ બંગાળીના મકાનમા ગુલાબનગર સુરેશફાર્મ પીરાણા રોડ બહેરામપુરા અમદાવાદ નાની પાસેથી એકટીવા નંબર GJ-01-SN-7399નું કિં.રૂ.૩૦,૦૦૦/-ની મત્તાનું CRPC કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને CRPC કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી ગાયકવાડ હવેલી પો.સ્ટે. ફ.ગુ.ર.ન.૧૩૨/૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

પકડાયેલ આરોપીનો પુર્વ ઇતિહાસ :-

(૧) ગૌ માંસના કેસમાં શાહપુર પો.સ્ટે. ખાતે ૨૦૧૩માં પાસા થયેલ છે.
(૨) વેબ કેમેરાની ચોરીમાં ૨૦૧૫માં દાણીલીમડા પો.સ્ટે. ખાતે કેસ થયેલ છે.
(૩) મોબાઇલ ચોરીમાં ૨૦૧૯માં ગા.હવેલી પો.સ્ટે. ખાતે કેસ થયેલ છે.
(૪) મારામારી ૨૦૧૫માં ગા.હવેલી પો.સ્ટે. ખાતે કેસ થયેલ છે.



## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન:

**એકટીવાની ડીકી તોડીને ચોરી કરતા આરોપીને પકડી પાડી રોકડા રકમ તથા એક એકટીવા સાથે પક્ડી પાડી ચાર ગુન્હાનો ભેદ ઉકેલાયો**

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ, સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ તથા શ્રી પી.એલ માલ સાહેબ, ના.પો.કમિ.શ્રી ઝોન-૧ તથા એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પો.કમિ.શ્રી "એ" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તાર માં મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર એમ.એમ. જાડેજા સાહેબ નાઓના સુપરવિઝન હેઠળ વસ્ત્રાપુર સર્વેલસસ્કોડ ના પો.સ.ઇ. એમ.બી જાડેજા તથા સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તાર માં પેંટ્રોલીગ દરમ્યાન પો.કો. ગોવિંદભાઇ નરસિંહભાઇ તથા લો.ર. અમીતસિંહ શીવાભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે વસ્ત્રાપુર સુરધાર સર્કલ પાસેથી આરોપી *નૌફિલ સ/ઓ નુરમહંમદ જમાલભાઈ મુંડવાવાલા(છીપા)* ઉ.વ-૨૪, રહે-મ.નં-૩૦૧ આરઝુ એપા. ગાજીપીર દરગાહ કાચની મસ્જીદ રોડ, છીપાવાડા જમાલપુર, અમદાવાદ શહેર નાને રોકડા રૂ ૨૧૦૦/ તથા એવીએટર નં GJ-01-EX-8741 કિ.રુ. ૧૫,૦૦૦/- ની ગણી કુલ્લે કીંરૂ ૧૭૧૦૦/- ની મતાના મુદામાલ સાથે પકડી પાડી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ત્રણ ગુના ફસ્ટ ગુ.ર.નં. ૩૭૨/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેકટ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા.૭/૧૨/૨૦૧૯

⚡ *મુદામાલ* -

રોકડા રકમ તથા એવીએટર નં GJ-01-EX-8741 નુ કિ.રુ. ૧૫,૦૦૦/- ની ગણી શકાય કુલ્લે કીં રૂ.૧૭૧૦૦/- ની મતાનો મુદામાલ ગુનાની કબુલાત કરેલ

⚡આજથી આશરે પાંચેક મહીના પહેલા સહ આરોપી મહેશ ઉર્ફે ગંટ્ટી સોમાભાઇ જાતે-વણઝારા નાઓ સાથે મળી વસ્ત્રાપુર તળાવ ના ગેટ નં-૩ શહીદચોક ની સામે પાર્કીગમાં પાર્ક કરેલ ફરીના એક્ટીવા ની ડીકીતોડી એક વીવો કંપનીનો મોબાઇલ ફોન તથા રોકડા ૧૦૦૦/- તથા ૧૫૦ ડોલર ની અને અન્ય ડોક્યુમેંટ ની ચોરી કરેલાની કબુલાત આપેલ છે

⚡આજથી આશરે ચારેક મહીના પહેલા સહ આરોપી મહેશ ઉર્ફે ગંટ્ટી સોમાભાઇ જાતે-વણઝારા નાઓ સાથે મળી વસ્ત્રાપુર તળાવ સરદાર રેસીડન્સી ની સામે પાર્કીંગ મા પાર્ક કરેલ એકટીવા ની ડીકી તોડી રોકડા રૂ ૨૦૦૦/- તથા એસ,બી.આઇ બેક નુ એટીએમ કાર્ડ ની ચોરી કરેલ જે એટી.એમ કાર્ડ ના કવર પર ફરીયાદી નાઓને પીન નંબર લખેલ હોય જે પીન નંબર આધારે સંદેશપ્રેશ રોડ પરના એટી.એમ માંથી ફરીના એસ,બી.આઇ બેંક ના એટી.એમ માંથી રૂ ૨૦,૦૦૦/- ડેબીટ કરેલા ની કબુલાત આપેલ છે

⚡આજથી આશરે ત્રણ સાડા ત્રણેક મહીના પહેલા સહ આરોપી મહેશ ઉર્ફે ગંટ્ટી સોમાભાઇ જાતે-વણઝારા નાઓ સાથે મળી સિંધુ ભવન રોડ ખાતે આવેલ અમુલ પાર્લરની બાજુમા આવેલ ગ્રીન પર્લ રેસ્ટોરંટ ની બાજુમા આવેલ ગોટીલા ગાર્ડન ની બહાર ના ગેટ ની બાજુમા પાર્ક કરેલ એક્ટીવાની ડેકીમાથી એક વન પ્લસ મોબાઇલ -૬ મોડલ નો તથા રોક્ડ રકમ ૭૦૦૦/- ની મતાની ચોરી કરેલાની કબુલાત આપેલ છે આજથી આશરે બે મહીના પહેલા સહ આરોપી મહેશ ઉર્ફે ગંટ્ટી સોમાભાઇ વણઝારા નાઓ સાથે મળી વસ્ત્રાપુર ગોટીલા ગાર્ડન ના ગેટ ની બહાર પાર્ક કરેલ જ્યુપીટર ની ડીકી તોડી રોકડા રૂ ૨૭,૦૦૦/- તથા ડોકયુમેંટ ની ચોરી કરેલાની કબુલાત આપેલ છે

**⚡આરોપીની એમ.ઓ.**

આરોપીઓ ડેકીનો લોક ખોલી અગર તોડી અંદર રોકડ રકમ,મોબાઇલ તથા એ.ટી.એમ કાર્ડ, ક્રેડીટકાર્ડ વગરે ની ચોરી કરી ચોરી કરેલ એ.ટી.એમ ના પાસવર્ડ દ્વારા રોકડ રકમ ઉપાડવી તેમજ ક્રેડીટકાર્ડ માંથી ઓનલાઇન ખરીદી કરી પૈસા ઉપાડી ચોરી કરતા હોય

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ**

આરોપી સને-૨૦૧૬મા સોલા પો.સ્ટે ચીટીગ, તેમજ સને-૨૦૧૮મા ગાયકવાડ હવેલી ખાતે મારા મારીના કેશમા પકડાયેલ છે અને અગાઉ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે એકટીવાની ડીકી તોડી ચોરી કરવાના ચારેક જેટલા ગુનામા પકડાયેલ છે.

**ડીટેકટ થયેલ ગુના :**

(૧) વસ્ત્રાપુર પોલીસ સ્ટૅશન ફસ્ટ ગુ.ર.નં ૨૦૫/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૨) વસ્ત્રાપુર પોલીસ સ્ટૅશન ફસ્ટ ગુ.ર.નં ૨૪૮/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૩) વસ્ત્રાપુર પોલીસ સ્ટૅશન ફસ્ટ ગુ.ર.નં ૨૬૮/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ
(૪) વસ્ત્રાપુર પોલીસ સ્ટૅશન ફસ્ટ ગુ.ર.નં ૨૯૬/૧૯ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧ મુજબ

આ કામગીરીમાં પો.સ.ઇ. એમ.બી. જાડેજા તથા H.C. બાબુભાઇ હે.કો. ઘનશ્યામસિંહ H.C. અરવિંદસિંહ P.C. જાહીદખાન, P.C. ગોવિંદભાઇ, P.C. સજયભાઇ P.C. જીતેન્દ્રકુમાર, P.C. સરદારસિંહ લો.ર. વિશ્વરાજસિંહ, લો.ર.પ્રશાંત, લોર. વિનોદભાઇ, લો.ર.અમીતસિહ, લો.ર. લાલજીભાઇ, લો.ર. જયપાલસિંહ.

# શાહીબાગ પોલીસ તેમજ સખી સંઘ સંચાલીત શાહીબાગ આશ્રય ગ્રુહ મારફતે માતા પુત્ર નું ૧૦ વર્ષ બાદ મિલન કરાવી પ્રશસીનીય કામગીરી કરેલ છે.

શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આશ્રય ગ્રુહમાં પોલીસ મારફતે ગઇ તા.૨૨/૧૦/૨૦૧૯ ના રોજ એક ફુટપાથ ઉપરથી ઉવ.૫૫ ના આશરાના બહેન મળી આવેલ અને તેઓને શાહીબાગ સખી સંચાલીત આશ્રયગૃહમાં રાખવામાં આવેલ જે બહેન શરીરે આશકત હોય અને કોઇ હિંન્દી કે ગુજરતી ભાષા જાણતા ના હોય તેઓની સારવાર કરાવી જમવાનું સમયસર આશ્રયગૃહ મારફતે આપવામાં આવતા તેઓ તેલુગુ ભાષા બોલતા હોય તેવું જણાવતા એક તેલુગુ ભાષા જાણતા ઇસમને બોલાવી તેઓની ભાષા બોલાવતા અને સમજાવતા પોતાનું નામ લક્ષ્મી નાગેશ્વર રાવ ઉન્મ્મ રહે. અપલ સ્વામી કોલોની એલ્લુર જી.કિષ્ના વેસ્ટ ગોદાવરી આંધ્રપ્રદેશના હોવાનું જણાવેલ અને છેલ્લા ૧૦ વર્ષથી ઘરેથી નીકળી ગયેલા અને ફરતા ફરતા અમદાવાદ આવી ગયેલ હોય આ બાબતે તેઓના સરનામાની ખરાઇ કરવા આંધ્રપ્રદેશમાં ડીજીપી સાહેબને તથા વુમન કમિશ્નરને સાહેબ તેમજ કલેકટર સાહેબ તથા મુખ્યમંત્રી સાહેબને ઇમેલથી આ બાબતે જાણ કરવામાં આવેલ અને આ બાબતે ખરાઇ કરતા તેમના પુત્ર સૈલુ નાઓ આજરોજ આંધપ્રદેશ પોલીસ સાથે તેમની માતાને લેવા માટે શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે આવતા તેઓની મુલાકાત કરાવી તેમજ ઓળખ કરાવતા છેલ્લા૧૦ વર્ષથી ઘરેથી ગુમ થયેલ હોય જે અંગે આંધ્રપદેશ ખાતે પોલીસ ને પણ જાણ કરેલ હોય તપાસ દરમિયાન મળી આવેલ ના હોય અને આજરોજ પુત્ર તથા માતાનું શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ૧૦ વર્ષ બાદ મિલન કરાવવામાં આવેલ છે અને શાહીબાગ પોલીસ તથા સખી સંઘ સંચાલીત આશ્રયગૃહ ના કર્મચારી મારફતે સારી કામગીરી કરેલ છે.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.